બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસી કેમ્પસ ઈન્ટરવ્યુમાં વિદ્યાર્થીઓનો પસંદગી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર - માણસા રોડ પર આવેલા બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસીમાં તા. ૦૫-૦૪-૨૦૧૯ના રોજ ફાર્મા ક્ષેત્રની અગ્રગણ્ય કંપની એપોલો ફાર્મસી દ્વારા કૉલેજનાં ૮માં સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો કેમ્પસ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. જેમાં ૩૭ વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુની જટિલ પ્રક્રિયામાં ઉત્સાહભેર સામેલ થયા હતા. જેમાંથી ૩૨ વિદ્યાર્થીઓએ ખૂબ જ સફળતાપૂર્વક આ જટિલ પ્રક્રિયામાંથી ઉત્તિર્ણ થઈ તા. ૧૧-૦૪-૨૦૧૯ના રોજ અપોલો ફાર્મસી કંપનીના જોઈનીંગ લેટર મેળવ્યા હતા. ફાર્મસી કૉલેજનાં ૩૨ વિદ્યાર્થીઓની કેમ્પસ ઈન્ટરવ્યુમાં ઉત્તિર્ણ થવાની આ સિદ્ધિમાં કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલાની દીર્ઘદૃષ્ટિ તથા સમગ્ર સ્ટાફના સમય અનુરુપ અભ્યાસ કરાવવાની પદ્ધતિનો સિંહફાળો રહ્યો હતો. વિદ્યાર્તીઓની આ અનોખી સિદ્ધિ બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, કેમ્પસના ડાયરેકટર પ્રો. રવિકુમાર અને ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા તથા સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

શકુંતલાબેન એમ. નાયક
ફોન. ૨૩૨-૫૧૧૫૩

રમીલા ઠક્કર
લાયોનેસ ક્લબ

એચ એન સોની
મહામંત્રી, શહેર પેન્શનર્સ સમાજ

હરિશ એમ ગરૂબસાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨

એ.સી. રાવલ
મો. ૯૪૦૯૬ ૧૬૮૮૦

મતદાન જાગૃતિ અભિયાન શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં યોજાયું

ગાંધીનગર, તા.૧૩

શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારો તેમનો કિંમતી મત સાચા ઉમેદવારને મતદાન કરી લોકશાહીને ધબકતી રાખે તે માટે વિદ્યાર્થીઓને સમજ આપીને તેમના સ્વજનો માતાપિતા, બા-દાદાને મતદાન કરવા જાગૃત કરે તેવી સમજણ આપવામાં આવી હતી.

આચાર્યા ડૉ. ચેતના બુચ, બિંદુબેન ચૌહાણ દ્વારા મતદાન નિમિત્તે લોકઢાળ આધારિત ગરબા રજૂ કરવામાં આવ્યા હતા. 'મતદારો ચેતો' પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. ૫૦૦ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા બી.એ. પટેલ, મુકેશભાઈ પટેલ, ડી.એન. પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

રેડિયન્સ સ્કૂલ ઑફ સાયન્સના વિદ્યાર્થીઓ પ્રખરતા શોધ કસોટીમાં ઝળક્યા

ગાંધીનગર, તા.૧૩

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સના ધોરણ-૯ ના કેટલાક વિદ્યાર્થીઓએ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ પ્રખરતા શોધ કસોટી (TST) માં ઉપસ્થિત રહ્યા હતા.

ગુ.મા. અને ઉ.મા શિક્ષણ બોર્ડ દ્વારા મેરીટના આધારે સમગ્ર રાજયના પ્રથમ ૧૦૦૦ વિદ્યાર્થીઓની તાજેતરમાં યાદી પ્રસિદ્ધ કરવામાં આવી. જેમાં રેડિયન્સ સ્કૂલ ઑફ સાયન્સના ૨ વિદ્યાર્થીઓ કણસાગરા મનન આથમેશભાઈ અને ચારેલ હેત મુકેશભાઈએ જવલંત સફળતા સાથે મેરીટમાં સ્થાન હાંસલ કર્યું છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જી.ટી. શનિયારા તથા કેમ્પસ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જે.બી. વામજાએ બંને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન આપી ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

'રામનામ' અંધારની ઘડીએ આશરો

રામ એ દશરથપુત્ર જ નહી, પણ જગન્નિયંતા પરમેશ્વર છે. રામ કરતાં રામનામ મોટું છે. રામનામમાં જ બધું આવી જાય છે. તે આત્મસંયમમાં મદદરૂપ થાય છે. રામનામ ગાંધીજીને ગળથુંથીમાં મળેલું અને તેથી જ તેઓ કહેતાં કે ''રામનામ લઇ ને જ ભયમુકત થઇ શકાય''. અનેક વિકટ પ્રસંગોમાં તે રક્ષક થઇ પડે છે. મોઢેથી રામનામ બોલવું એ શ્રેષ્ઠ જિહવાથી બોલાયેલું તે હૃદયમાં ઉતરે છે. રામ રટણ જેને હૃદયસ્થ થયેલ છે તેને ઉચ્ચારણની આવશ્યકતા હોતી નથી. તે તો હૃદયમાં નિરંતર ગુંજ્યા કરે છે અને અસદ વિચારોને ભગાડી મૂકે છે. અંગ્રેજ મિલ્ટન કહે છે કે 'માનવીનું મન ચાહે તો નરકનું સ્વર્ગ ને સ્વર્ગને નરક કરી શકે છે.' પણ રામનામ એ આત્મશુદ્ધી માટે છે અને તેથી જ રામનામ લેનારના મનમાં અસદ વિચારો આવતા નથી. જેના હૃદયમાં જ્યારથી રામનામ અંકિત થાય ત્યારથી તેનું નવું જીવન શરૂ થાય છે. છેવટે તે દિલમાં જડાઇ જાય છે અને ઇશ્વરની એવી કૃપાના અધિકારી થવાય છે કે આપણું શરીર, મન અને આત્મા સંપૂર્ણપણે નીરોગી રહે છે. જે દિલથી રામનું રટણ કરે છે તેના માટે તપ અને સંયમ સહેલા થઇ જાય છે અને જીવનના સીધે રસ્તે ચાલે છે. તે કોઇ ને દુઃખ કે ઇજા પહોંચે તેવો મન, કર્મ અને વચનથી વ્યવહાર નથી કરતો. બીજાના દુઃખોનું નિવારણ કરવાને ખાતર જાતે દુઃખ સહન કરવાનું તેના જીવનનો એક ભાગ બની જાય છે અને જીવન શાશ્વત શાંતિથી ભરાઇ જાય છે.

ગાંધીજીના મતે સત્ય, અહિંસા અને બ્રહ્મચર્યના સંપૂર્ણપણે આચરણ માટે રામનામ જ સર્વોત્તમ છે. રામનામમાં અમોઘ શક્તિ છે. એ માનવીના શરીરને ઊર્ધ્વગામી ગતિ આપે છે. રામનામનું રટન યંત્રવત ન બનાવતાં તે વિચારપૂર્વકનું હોવું જોઇયે. તે આપણા સંકલ્પને પ્રેરણા આપે છે. નબળા શરીર માટે ટૉનિકની જરૂર છે તેમ નબળા મન માટે રામનામની જરૂર છે. આપણે રામ, કૃષ્ણ, ઇશુ, અલ્લાહના ભૌતિક શરીરની પૂજા કરીએ છીયે, રામનામ છાપેલા વસ્ત્રો શરીર ઉપર પહેરીયે છીએ, એ પ્રમાણે નામ રાખીયે છીયે. આ બધું ઢોંગી લોકોનો ઢોંગી પ્રચાર છે. પણ સાચું તો અંતરપ્રેરણાથી નિકડેલું રામનું નામ જ રામબાણ થઇ શકે.

પવિત્ર લોકોના હૃદયમાં સદાય વસે છે તેવો રામનામનો મંત્ર તુલસીદાસે રામાયણમાં આપણને આપ્યો છે. રામનામ એવા લોકો માટે નથી કે જે હંમેશા એવી ઇચ્છા રાખીને બેઠા હોય છે કે સંકટના સમયે ઇશ્વર આપણને બચાવી લેશે. પણ એ તો એવા માટે છે જે ઇશ્વરથી ડરીને ચાલે છે. રામનામનો ડર રાખીને ચાલો, તો જગતમાં રાજા કે રંક, કોઇનાથી બીવાપણું નહીં રહે. રામનામને હૃદયસ્થ કરવા માટે અંદર ને બહાર સત્ય,પ્રામાણિકતાઅને શુદ્ધિના ગુણ કેળવી ધીરજ ધરવાની જરૂર છે. તેમાં યુગના યુગ પણ વહી જાય એવું પણ બને પણ મહેનત કરવા જેવી છે. બાકી આખરનું ફળ તો ઇશ્વરની કૃપા પર અવલંબે છે.

- સતીષ શામળદાન ચારણ

હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે શ્રી રામનવમી મહોત્સવની થનાર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

તારીખ અને દિન, ૧૪ એપ્રિલ, ૨૦૧૯ રવિવાર, શુભ સ્થળ – હરે કૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ ડેન્ટલ કોલેજની સામે, સાયન્સ સીટી નજીક, અમદાવાદ.

ઉત્સવની વિશિષ્ટતાઓ

૧) દર્શન - સવારના ૭.૧૫ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા સુધી (૨) મહાસંકિર્તન તથા પાલકી ઉત્સવ - સાંજના ૬.૦૦ વાગ્યાથી (૩) ૨ ા મ તારક યજ્ઞ - સાંજે ૭.૦૦ વાગે (૪) મહામંગલા આરતી – રાત્રીના ૮.૩૦ વાગે.

ભાવિક ભક્તોને ભાડજ ખાતે રામ ભગવાનના દર્શનનો લાભ લેવામાં જણાવાયું છે.

ગાંધીજી અને ગોખલે

(ત્રીજો મણકો)

આ જ માસમાં હું કલકત્તાની ગલીએ ગલી રખડ્યો એમ કહું તો ચાલે.ઘણું ખરું કામ પગપાળો કરતો. આ સમયમાં જ ન્યાયમૂર્તિ મિત્રને મળ્યો. સર ગુરુદાસ બૅનરજીને મળ્યો. તેમની કુમક તો દક્ષિણ આફ્રિકાના કામને સારુ જોઈતી હતી. રાજા સર પ્યારીમોહન મુકરજીનાં દર્શન પણ આ જ સમયે કર્યા.

કાલિચરણ બૅનરજીએ મને કાલિના મંદિરની વાત કરી જ હતી. તે મંદિર જોવાની મને તીવ્ર ઈચ્છા હતી. તેનું વર્ણન મેં પુસ્તકમાં વાચ્યું હતું. તેથી ત્યાં એક દિવસ જઈ ચડ્યો. ન્યાયમૂર્તિ મિત્રનું મકાન તેજ લત્તામાં હતું. એટલે જે દહાડે તેમને મળ્યો તે દહાડે કાલિમંદિરે પણ ગયો. રસ્તે બલિદાનનાં ઘેટાંની તો હારની હાર ચાલી જતી હતી. મંદિરની ગલીમાં પહોંચતા જ ભિખારીઓની લંગાર લાગી રહેલી જોઈ. બાવાઓ તો હોય જ. મારો રિવાજ તે વખતે પણ હૃષ્ટપુષ્ટ ભિખારીને કશું ન આપવાનો હતો. ભીખ માગનારાઓ તો ખૂબ વળ્યા હતા.

એક બાવાજી ઓટલા ઉપર બેઠા હતા. તેણે બોલાવ્યો:' ક્યાં બેટા, કહાં જાતે હો?' મેં અનુકૂળ ઉત્તર વાળ્યો. તેણે મને અને મારા સાથીને બેસવા કહ્યું. અમે બેઠા.

મેં પૂછ્યું : 'આ ઘેટાંનો ભોગ તમે ધર્મ માનો છો?'

તેણે કહ્યું : ' જીવને હણવામાં ધર્મ કોણ માને?'

'ત્યારે તમે અહીં બેસી લોકોને કેમ બોધ નથી દેતા?'

'અમારું એ કામ નથી. અમે તો બેસીને ભગવદ્ભક્તિ કરીએ.'

'પણ તમને બીજી જગ્યા ન મળતાં આ જ મળી?'

'અમે જ્યાં બેસીએ ત્યાં સરખું. લોકો તો ઘેટાંના ટોળા જેવા છે; જેમ મોટા દોરે તેમ દોરાય. તેમાં અમારે સાધુને શું?' બાવાજી બોલ્યા.

મેં સંવાદ આગળ ન વધાર્યો. અમે મંદિરે પહોંચ્યા. સામે લોહીની નદી વહેતી હતી. દર્શન કરવા ઊભવાની મારી ઈચ્છા ન રહી. હું ખૂબ અકળાયો, બેચેન થયો. આ દ્રશ્ય હું હજી લગી ભૂલી શક્યો નથી. એક બંગાળી મિજલસમાં તે જ સમયે મને નોતરું હતું. ત્યાં મેં એક ગૃહસ્થ પાસે આ ઘાતકી પૂજાની વાત કરી. તેમણે કહ્યું: 'ત્યાં નગારાં વગેરે વાગે ને તેની ધૂનમાં ઘેટાંને ગમે તે રીતે મારો, તો પણ તેને કંઈ ઈજા ન લાગે એમ અમારો અભિપ્રાય છે.'

મને આ અભિપ્રાય ગળે ન ઊતર્યો.ઘેટાંને વાચા હોય તો નોખી જ વાત કરે એમ મેં આ ગૃહસ્થને જણાવ્યું. આ ઘાતકી રિવાજ બંધ થવો જોઈએ એમ લાગ્યું. પેલી બુદ્ધદેવવાળી કથા યાદ આવી. પણ મેં જોયું કે આ કામ મારી શક્તિ બહારનું હતું.

જે મેં ત્યારે ધાર્યું તે આજે પણ ધારું છું. મારે મન ઘેટાંના જીવની કિંમત મનુષ્યના જીવના કરતા ઓછી નથી. મનુષ્ય દેહને નિભાવવા હું ઘેટાંનો દેહ લેવા તૈયાર ન થાઉં. જેમ વધારે અપંગ જીવ તેમ તેને મનુષ્યના ઘાતકીપણાથી બચવા મનુષ્યના આશ્રયનો વધારે અધિકાર છે એમ હું માનું છું. પણ તેવી યોગ્યતા વિના મનુષ્ય આશ્રય આપવા પણ અસમર્થ છે. ઘેટાંને આ પાપી હોમમાંથી બચાવવા, મારી પાસે છે તેના કરતાં અતિશય વધારે આત્મશુદ્ધિની અને ત્યાગની આવશ્યકતા છે. એ શુદ્ધિ અને એ ત્યાગની અત્યારે તો ઝંખના કરતાં જ મારે મરવું રહ્યું છે એમ લાગે છે. એવો કોઈ તેજસ્વી પુરુષ કે એવી કોઈ તેજસ્વીની સતી પેદા થાઓ, જે આ મહાપાતકમાંથી મનુષ્યને બચાવે, નિર્દોષ પ્રાણીઓની રક્ષા કરે, ને મંદિરને શુદ્ધ કરે, એવી પ્રાર્થના તો નિરંતર કરું છું. જ્ઞાની, બુદ્ધિશાળી, ત્યાગવૃત્તિવાળું, ભાવના પ્રધાન બંગાળ કેમ આ વધ સહન કરે છે?

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

કલાગુર્જરી, ગાંધીનગરનો યાદગાર કાર્યક્રમ : 'તુમ્હેં યાદ હોગા'

શ્રી સુરોજિત ગુહાના કંઠેથી રેલાયાં હેમંતદા, તલત, મન્નાડે, કિશોરકુમારનાં સદાબહાર ગીતો...

'તુમ્હેં યાદ હોગા...' કહીને જ્યારે કોઈ આપણાં ગામમાં, વારંવાર યાદ આવતાં રહેતાં ગીતોની મહેફિલ માંડે... એમાંય યએ ગીતો હિન્દી ફિલ્મોના લીજેન્ડરી પ્લેબેક સિંગર, મ્યુઝિક ડિરેક્ટર હેમંતદા-હેમંતકુમારે ગાયેલાં સોલો, ડ્યુએટ હોય અને પાછાં આવાં ગીતો હેમંતદાને ગુરુ માનના તથા અદ્દલ હેમંતકુમાર જેવો જ કંઠ-સ્વર ધરાવનાર, દેશભરમાં વોઇસ ઓફ હેમંતકુમાર તરીકે બે હજાર જેટલાં પરફોર્મન્સ આપી ભારે લોકચાહના કમાનાર, વિખ્યાત ગાયક સુરોજિત ગુહા પાસેથી સાંભળવા મળે તો દિલ બાગ-બાગ થઈ જ જાય. આવો સુયોગ તાજેતરમાં કર્યો કલા ગુર્જરી, ગાંધીનગરના સથવારે.

'તુમ્હેં યાદ હોગા' ટાઈટલથી તા. ૬ એપ્રિલની રાત્રે ટાઉનહોલમાં કલાગુર્જરી આયોજિત કાર્યક્રમમાં સુરોજિતે વિતેલાં વર્ષોની યાદગાર ફિલ્મોનાં હીટ સોંગ્સ પ્રસ્તુત કરી ફરી એકવાર હેમંતદાના તથા સદાબહાર ગીતોના ચાહકોને ખુશ કરી દીધા હતા. ફરી એકવાર એટલા માટે કે અગાઉ બે વાર કલા ગુર્જરી, ગાંધીનગરે યોજેલ શ્રી સુરોજિત ગુહાના કાર્યક્રમો પછી પણ સંગીત પ્રેમીઓ તૃપ્ત થયા ન હતા. તેથી જ ગાંધીનગરના આ માનીતા ગાયકને વધુ એક વાર નિમંત્રી સૌની માગણી ને લાગણી પૂરી કરાઈ હતી.

પડદો ખુલતાં બંગાળી સ્ટાઈલ સફેદ ધોતી, ખમીસ ને ખભે ખેસમાં સજ્જ સુરોજિતે બેક ડ્રોપ ઉપરથી હેમંતદાની તસવીરને વંદન કરી, જ્યાં પહેલું ગીત ઓ જિંદગી કે દેનેવાલે, જિંદગી કે લેનેવાલે... (નાગીન) છેડ્યું ને ડીટ્ટો હેમંતદાનો અવાજ સાંભળી રાજી થઈ ગયેલા શ્રોતાઓએ તાળીઓથી એને વધાવી લીધું... આંખો બંધ કરીને સાંભળીએ તો જાણે ખુદ હેમંતકુમાર સાથે આવીને ગાઈ રહ્યાની અનુભૂતિ થાય એવી સામ્યતાની ગાયનશૈલી સુરોજિતના અવાજમાં છે. પછીનું

ફિલ્મ બીસ સાલ બાદનું તોફાની-રોમેન્ટિક ગીત જરા નજરોં સે કહેદો જી નિશાના ચૂક ના જાયે.... હોય કે બાત એક રાતનું ના તુમ હમેં જાનો, ના હમ તુમ્હેં જાને.... હોય, પરફેક્ટ ઓરિજીનલ મ્યુઝિક ટ્રેક પર અતિ સાહજિકતાથી ગાઈને આ કલાકારે જબરદસ્ત દાદ મેળવી લીધી ને જ્યારે આ ગીત પર ફિદા શ્રોતાઓએ વન્સ મોરની માગણી કરી તો સુરોજિતજીએ ભારે સલુકાઈથી મંદમંદ સ્મિત સાથે 'વન મોર કરેંગે ?' કહી ગુજરાતી ગાયિકા-સ્વર કિન્નરી આનલ વસાવડા સાથે ફિલ્મ પતિતાનું ડ્યુએટ (હેમંતકુમાર-લતા) યાદ કિયા દિલને કહાં હો તુમ... પેશ કર્યું ને ઓડિયન્સ લિટરલી ઝૂમી ઉઠ્યું હતું..... તો બહેન આનલે ફિલ્મ સાહિબ બીબી ઔર ગુલામનું ગીત ભંવરા બડા નાદાન હાય... આશા ભોંસલેની ગાયકીની છટા સાથે હૂબહૂ પ્રસ્તુત કર્યું ને હૉલ તાળીઓથી ગૂંજી ઉઠ્યો...

આગળના દૌરમાં ફિલ્મ હાઉસ નં. ૪૪માં હેમંતદાએ ગાયેલું શાંત-ધીર ગંભીર પ્રણય ગીત ચૂપ હૈ ધરતી, ચૂપ હૈ ચાંદ સિતારે... પોસ્ટ બોક્સ નં. ૯૯૯નું લતાજી સાથેનું ડ્યુએટ નિંદ ના મુજકો આયે, દિલ મેરા ગભરાયે... તથા સટ્ટા બજારનું ડ્યુએટ કલા ગુર્જરીના આ કાર્યક્રમનું ટાઈટલ સોંગ તુમ્હેં યાદ હોગા કભી હમ મિલે થે... આનલ વસાવડા સાથે ગાઈને પ્રોગ્રામને રસભર-દિલહર બનાવી દીધો હતો.

શ્રી સુરોજિત ગુહા હેમંતકુમારનાં ગીતો તો બખૂબી વિથ પરફેક્શન ગાય જ છે, પરંતુ તેમના કંઠે મન્નાડે, કિશોરકુમાર અને મખમલી કંઠના સ્વામી તલતનાં ગીતો માણવાં એય લ્હાવો છે... 'તુમ્હેં યાદ હોગા'ની આગળની સફરમાં આ વર્સેટાઈલ સિંગરે ફિલ્મ સોલવાં સાલનું તલત મહેમૂદે ગાયેલું હૈ અપના દિલ તો આવારા.... તેમ જ અહા રિમઝિમ કે યે પ્યારે પ્યારે ગીત લિયે... (તલત-લતા) આનલ વસાવડા સાથે સરસ રીતે રજૂ કરી ઓડિયન્સના દિલ જીતી લીધાં.

અરે, સુરોજિતજીએ તો આનંદ ફિલ્મનું મન્નાડે સાહેબનું ફિલસૂફીભર્યું ગીત જિંદગી કેસી હૈ પહેલી હાયે.... અને વક્તનું ઈશ્કે મિજાજ પ્રણય ગીત એ મેરી જોહરાંજબી, તુજે માલુમ નહીં...

પણ એવી નજાકત અને સફાઈથી ગાયું કે ઓડિયન્સે તાળીઓથી સાથ પુરાવ્યો. થયું કે હવે બસ સુરોજિતજી પાસેથી મન્નાડેને જ સાંભળ્યા કરીએ.

અરે, કિશોરકુમારનાં ગીતોની મેડલીમાં પણ એ ખૂબ જામ્યાં. જિંદગી એક સફર હૈ સુહાના... અને ઝુમરુ ફિલ્મના ટાઈટલ ગીતની કિશોરકુમારના યોડલીંગ સાથેની પ્રસ્તુતિએ કહી દીધું કે સુરોજિતજી કેવા ઊંચા ગજાના, નીવડેલા અને સુરીલા ગાયક છે.

સ્ટેજ ઉપર કોઈ સાજીંદા નહીં, નો લાઈવ મ્યુઝીક ! દરેક ગીતનો ઓરીજિનલ મ્યુઝિક ટ્રેક વાગે, એ સૂર-સંગીત સાથે સુરોજિતનો સ્વર ભળે એ રીતે એક પછી એક એકએકથી ચડિયાતાં ગીતો આ કલાકાર એ જ જોમ-જુસ્સા, મોજ-મસ્તીથી ગાતા રહ્યા... સૌને રસતરબોળ કરતા રહ્યા... ડોલાવતા રહ્યા...

એમની આનલ વસાવડા સાથે બિન બાદલ બરસાતનું ગિત એક બાર જરા ફિર કહે દો... (હેમંત-લતા), પ્યાસા ફિલમનું અતિ દર્દીલું ગીત જાને વો કૈસે લોગ થે જિનકે પ્યાર કો પ્યાર મિલા... જાલ ફિલ્મનું લોકપ્રિય ગીત યે રાત યે ચાંદની ફિર કહાં...ની પ્રસ્તુતિ જમાવટ કરી ગઈ.

કોમ્પીઅર શ્રી તુષાર જોષીની સુરોજિતજી વિશે કે પ્રસ્તુત થયેલ કે થનારગીતના રસદર્શનમાં જે તે ગીત-ગીતકાર, સંગીતકાર-રેકોર્ડિંગ સાથે સંકળાયેલી રોચક ઘટનાથી અતિ સંક્ષિપ્તમાં અપાતી રહેલી માહિતી પૂરક બની, ખલેલ નહીં એ માટે ભાઈ તુષારને અભિનંદન.

વચ્ચે સહેજે સમય બગાડ્યા વિના, સતત ગવાતાં રહેલાં ગીતોમાં હેમંતદા-લતાજી દ્વારા ફિલ્મ કોહરાનું ગીત યે નયન ડરે ડરે... અનારકલીનું જાગ દર્દે ઈશ્ક જાગ... (હેમંત-લતા), એક ઝલક ફિલ્મનું હેમંતકુમાર-ગીતા દત્તનું ડ્યુએટ આ જા ઝરા... અનુપમા ફિલ્મનું યા દિલ કી સુનો દુનિયાવાલોં યા મુજકો ભી કુછ કહેને દો... આનલ વસાવડા દ્વારા અનુપમાનું સોલો સોંગ કુછ દિલને કહા... બીસ સાલ બાદનું બેકરાર કર કે હમેં યું ન જાઈએ... પણ સૌએ ખૂબ માણ્યું.

કાર્યક્રમના અંત તરફ જતાં નરસિંહ મહેતાનું ગાંધીબાપુને પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ... શ્રોતાઓના સાથમાં ગાયું અને ફિલ્મ આનંદમઠમાં હેમંતકુમારે ગાયેલા વંદે માતરમ ગાનથી સમાપન કર્યું, શ્રોતાઓએ ઊભા થઈને તેને માન આપ્યું ને કોરસ ગાન વંદે માતરમમાં સૂર પુરાવ્યો... પણ ત્યારે હજીય હેમંતદાનાં-તલત-મન્નાડે-કિશોરકુમારનાં વધુ ગીતો સુરોજિતના કંઠેથી સાંભળવાની સંગીતરસિકોની તરસ છિપાઈ નહોતી... પણ ભાઈ રસના ચટકા હોય, ફૂંડાં નહીં...

ફરી એકવાર કલાગુર્જરી, ગાંધીનગરને લાંબા સમય સુધી યાદ રહી જાય ને સભ્યોના પૈસા વસૂલ થઈ જાય એવા કાર્યક્રમ 'તુમ્હેં યાદ હોગા' માટે અભિનંદન.